જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૮૭૦/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.30/૧૦/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૭૮ | 0 | ૧૦૬૭૮ | ૧૬૮૦૮ | 0 | ૧૬૮૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | 0 | ૪૩૪૬ | ૫૮૬૧ | 0 | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૦ | 0 | ૫૦ | ૨૨૬ | 0 | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૨૬૨ | ૧૦ | ૧૫૨૭૨ | ૧૬૦૯૮ | ૧૦ | ૧૬૧૦૮ |
| કુલ | | 3033૬ | ૧૦ | 303૪૬ | 3૮૯૯3 | ૧૦ | 3૯003 |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧ | ૪,૯૩,૯૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૪૬ | ૭,૪૬,૦૦૦/- |

# આર્મ્સ એક્ટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## દેશી તમંચા તેમજ ચાર કારતુસ સાથે આરોપીઓને પકડી આર્મ એક્ટનો ગુનો શોધી કાઢતી ઓઢવ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નર "આઈ" ડીવીજન શ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા પોલીસ ઇન્સ્પેક્ટર ઓઢવ પોલીસ સ્ટેશન નાઓએ મિલ્કત સબંધી તેમજ આર્મ એક્ટના ગુના ડિટેક્ટ કરવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સના સ્કોર્ડના નીચે જણાવેલ સ્ટાફ મારફતે ઓઢવ પામ હોટલની સામે ત્રણ રસ્તા જાહેર રોડ પરથી એક હોંડા એકોર્ડ ગાડી નં- GJ.23.M.3462 માં ગેરકાયદેસર દેશી બનાવટના તમંચા તથા ચાર જીવતા કારતુસ તથા ત્રણ મો.ફોન, રોકડા રૂપિયા મળી કુલ્લે કિ.રૂ.કિ.રૂ.૪,૫૧,૦૦૦/ ના મત્તાના મુદ્દામાલ સાથે નીચે જણાવેલ આરોપીઓને તા-૩૦/૧૦/૨૦ ના ક.૦૨/૪૫ વાગે બાતમી હકીકત આધારે પકડાઇ જતા કાયદેસરની કાર્યવાહી કરી ગેરકાયદેસર હથિયાર રાખવા બદલ આર્મ એક્ટનો ગુનો શોધી સારી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. તા.૩૦/૧૦/૨૦૨૦

**→ આરોપીઓના નામ-સરનામા:**

૧. સિધ્ધાર્થ સ/ઓ સંદિપભાઇ કિશોરભાઇ રાવ, ઉ.વ.૩૧ રહે: સિધ્ધાર્થ કુટીર, અસ્લેશા બગ્લોઝની બાજુમાં, સંકટ ચાર રસ્તા પાસે, આણંદ બાકરોલ રોડ, આણંદ

૨.કૃણાલભાઇ ભરતભાઇ પ્રધ્યુમનભાઇ ગજ્જર , ઉ.વ.૩૧ રહે: મ.નં-૨૫/૨૩, સંતરામપાર્ક સોસાયટી, વલ્લભવિધ્યાલય રેલ્વે સ્ટેશન પાસે, વલ્લભવિધ્યનગર, આણંદ

3. જલ્પાબેન વા/ઓ સિધ્ધાર્થ સંદિપભાઇ રાવની પત્નિ તથા તે તરૂણભાઇ વસંતભાઇ કાછીયાની દિકરી, ઉ.વ.૨૬ રહે: સિધ્ધાર્થ કુટીર, આસ્લેશા બગ્લોઝની બાજુમાં, સંકટ ચાર રસ્તા પાસે, આણંદ બાકરોલ રોડ, આણંદ

**→ કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:**

પો.સબ.ઇન્સ ડી.બી.પલાસ, એ.એસ.આઇ અરખાભાઇ કરશનભાઇ બ.નં-૮૬૧૫, પો.કો બિજલભાઇ શામળાભાઇ બનં-૧૦૩૫૮, પો.કો ગુલાબભાઇ જગદિશભાઇ બ.નં-૧૦૧૯૫, લોકરક્ષક જયદિપસિંહ દેવસંગભાઇ બ.નં-૧૧૯૪૯, વુ.લોકરક્ષક પ્રિયંકાબેન કૃષ્ણકુમાર બ.નં-૧૬૫૦

**→ બાતમી આપનાર અધિકારી/કર્મચારી:**

પો.કો બિજલભાઇ શામળાભાઇ તથા લોકરક્ષક જયદિપસિંહ દેવસંગભાઇ

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## એક આરોપીને ચોરીના એકટીવા સાથે પકડી વાહનચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ

ટુ વ્હિલર વાહનચોરીના ગુનાઓના ભેદ વણઉકેલાયેલ હોય આવા પ્રકારના વાહનચોરીના ગુનાઓના ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરાનાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઈ વિજયસિંહ ઈશ્વરસિંહ અને હે.કો.ઈમ્તીયાઝઅલી ઉમરાવઅલી નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે સોલા હાઈવે કારગીલ ચાર રસ્તા પાસેથી એક આરોપી સંદિપ સન/ઓફ કાંતીભાઈ ધુલજીભાઈ પંચાલ ઉ.વ.૨૭ રહેવાસી: બ્લોક નં.જે/૪, રૂમ નં.૩૦૪ સીરામીક સીટી ફ્લેટ વાંકાનેર રોડ રાજકોટ શહેર નાને એક કાળા કલરનુ એકટીવા 5જી નંબર જીજે-૦૧-યુકે-૨૬૫૦ કિંમત રૂ.૩૦૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી તેને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતાં તેણે આ ઉપરોકત એકટીવા આજથી દસેક દિવસ પહેલા ચાંગોદર ખાતે કેનાલ રોડ ઉપર આવેલ શ્યામ-૩ એસ્ટેટમાં અંબિકા ફેબ્રીકેશન નામની દુકાન આગળથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ હોય આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ચાંગોદર પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## ત્રણ આરોપીઓને અલ્ટો કાર સાથે પકડી તે પૈકી છેલ્લા ત્રણેક વર્ષથી અમદાવાદ શહેર ડીસીબી પો.સ્ટે.ના પ્રોહીબીશનના બે ગુન્હાઓમાં વોન્ટેડ એક આરોપીને પકડી તેમજ વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશનનો વિદેશી દારૂનો પ્રોહીબીશનનો ગુનો શોધી કાઢતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

નાસતા ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના માર્ગદર્શન હેઠળ સ્કોડના પો.સ.ઇ.શ્રી એસ.જે.વાઘેલા અને પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ પો.સ.ઇ.શ્રી એસ.જે.વાઘેલા નાઓને છેલ્લા ત્રણેક વર્ષથી ડી.સી.બી.પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુન્હાઓમાં વોન્ટેડ આરોપી શંભુસિંહ રાજપુત બાબતે ચોક્કસ બાતમી હકીકત મળેલ.જે આધારે જમાલપુર જગન્નાથ મંદિરની ચાલી ચાર રસ્તા પાસેથી સફેદ કલરની મારૂતી અલ્ટો કાર નંબર જીજે-૨૭-એએ-૩૬૮૯ માંથી ત્રણ આરોપીઓ (૧) રાજેશ ઉર્ફે રાજુ સન/ઓ ગોવિંદભાઈ ભગવાનજી કલાલ ઉવ.૩૪ રહે. ગામ:જેતાના તા.સલુંબર જી.ઉદેપુર રાજસ્થાન (૨) શંભુસિંગ ઉર્ફે શંભુ સન/ઓ જગતસિંગ અનોપસિંગ રાજપુત સિસોદીયા ઉવ.૩૧ રહે. ગામ:નાંદલી સાગોરા તા.આસપુર જી ડુંગરપુર રાજસ્થાન (૩) ગણેશારામ ઉર્ફે ગણેશ સન/ઓ ગોપાલરામ કાશીરામ મેઘવાલ ઉવ.૨૬ રહે. સેકટર-૧૨ વોર્ડ નં.૮ મ.નં.૪૦ હનુમાનગઢ જંકશન તા.જી.હનુમાનગઢ રાજસ્થાન મુળગામ:- રૂઘનાથપુરા તા.સુરતગઢ જિ. ગંગાનગર, રાજસ્થાન નાઓને પકડી લેવામાં આવેલ અને તેઓની પુછપરછ દરમ્યાન આરોપી નં.(૨) શંભુસિંગ ઉર્ફે શંભુનાનો અમદાવાદ શહેર ડી.સી.બી પો.સ્ટે.(૧) પ્રોહી ગુરનં.૫૦૩૨/૨૦૧૬ ધી પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫ (એ)(ઇ), ૧૧૬(બી) મુજબ (૨) પ્રોહી ગુરનં.૫૦૦૧/૨૦૧૭ ધી પ્રોહી કલમ ૬૬(૧)(બી),૬૫ (એ)(ઇ), ૮૧,૧૧૬(બી) મુજબના ગુન્હામાં વોન્ટેડ હોવાનુ જણાઇ આવેલ.

તે ઉપરાંત ઉપરોકત ત્રણેયની વિગતે પુછપરછ કરતા નં.૩ ગણેશારામ ઉર્ફે ગણેશ નાનો ગઇકાલ ડુંગરપુર રાજસ્થાનથી આઇ ૨૦ ગાડી નંબર જીજે-૧૯-એએ-૯૪૭૧ માં વિદેશી દારૂની પેટીઓ ભરીને વિરમગામ ખાતે ખાલી કરવા માટે નીકળેલ તથા નં.(૧) રાજેશ ઉર્ફે રાજુ અને (૨) શંભુસિંગ નાઓ અલ્ટો કાર નંબર જીજે-૨૭-એએ-૩૬૮૯ માં ગણેશની વિદેશી દારૂ ભરેલ આઇ ૨૦ ગાડીનું પાયલોટીંગ કરતા કરતા સાથે આવેલ અને તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ

મોડી રાત્રીના બે વાગ્યાની આસપાસ વિરમગામ જખવાડા જનપથ હોટલના કમ્પાઉન્ડમાં ગણેશારામ ઉર્ફે ગણેશ નાએ આઇ ૨૦ ગાડી નંબર જીજે-૧૯-એએ-૯૪૭૧ ની મુકી દીધેલ અને પોતે તથા ગણેશારામ અને રાજેશ એ રીતેના ત્રણેય અલ્ટો ગાડીમાં રોડ ઉપર બેસેલ હતા અને અચાનક પોલીસ આવતા ઉપરોકત વર્ણનવાળી અલ્ટોગાડી લઈને ત્યાંથી અમદાવાદ શહેર તરફ આવેલ અને પકડાઇ ગયેલ હોવાનુ જણાવેલ.આ અંગે તપાસ કરતા વિરમગામ રૂરલ પો.સ્ટે. ખાતે તા.૨૯/૧૦/૨૦૨૦ ના રોજ ગુરનં.૧૧૧૯૨૦૬૦૨૦૦૩૬૭/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુન્હો નોંધાયેલ હોવાનુ જણાઇ આવેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી રાજેશ ઉર્ફે રાજુ અગાઉ રાજસ્થાન આસપુર થાણામાં પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ છે.તેમજ આરોપી શંભુસિંગ ઉર્ફે શંભુ નાનો ગુજરાત બાલાસિનોર ખાતે તેમજ રાજસ્થાન મારપીટ તેમજ પ્રોહીબીશનના ગુન્હાઓમાં પકડાયેલ હોવાનુ જણાવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી ૧૯૧ લીટર દેશી દારૂ, ૧૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૮૭૩/૨૦૨૦**

**શહેરકોટડા** : હિમ્મતભાઇ મણીશંકર જાની (ઉ.વ.૪૪)(રહે.રિધ્ધી એપાર્ટમેન્ટ સરસપુર) એ તા.૩૦/૧૦/૨૦૨૦ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા દોઢ વર્ષના સમયગાળા દરમ્યાન હિમ્મતભાઇના મકાન ભાડે થી રહેતા આરોપી સેજલબેન ઉદેસિંહ ભાભોર (મુળ રહે.કલેડીકુંવા ફળીયુ મુણધા બીલવાણી જીલ્લો-દાહોદ) એ હિમ્મતભાઇ તથા અન્ય વ્યક્તિઓનો વિશ્વાસ કેળવી, હિમ્મતભાઇના પુત્ર મંથન તથા તેમના ભાણીયા દર્શનને સરકારી નોકરી અપાવવાની લાલચ આપી, સચિવશ્રી ગુજરાત રાજ્યના નામના ખોટા અને બનાવટી સહી સિક્કાવાળા નોકરીના નિમણુક અંગેના ઓર્ડર આપી, હિમ્મતભાઇ પાસેથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- તથા ભાણીયા દર્શન પાસેથી રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/- મેળવી લઇ, તેમજ હાર્દિકભાઇ દિપકભાઇ શાહ (રહે.શાંતિનીકેતન ફ્લેટ મેમનગર) નાઓને પણ સરકારી નોકરી અપાવવાની લાલચ આપી ખોટા અને બનાવટી સહી સિક્કાવાળો નોકરીનો નિમણુક ઓર્ડર આપી રોકડ રૂપિયા ૭,૦૦,૦૦૦/- મેળવી લઇ કોઇ નોકરી નહી અપાવી તેમજ આરોપી વિજયસિંહ ચન્દ્રસિંહ પરમાર (રહે.દવાખાનાવાળી બજાર ખંભલાવ-૧ તા-લીંબડી જીલ્લો-સુરેન્દ્રનગર) એ નિમીલ રતિલાલ મેવાડા (રહે.રિધ્ધી એપાર્ટમેન્ટના સરસપુર) નાઓને પણ વિશ્વાસમાં લઇ નિમીલ મેવાડાના નામે વિજયા બેંક ની સરગાસણ બ્રાંચમાંથી લોન મેળવવા સારૂ ખોટા અને બનાવટી દસ્તાવેજો તૈયાર કરી કરાવી તેને સાચા તરીકે બેંકમાં રજુ કરી રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- ની મારૂતી સુઝુકી એસક્રોસ ફોર વ્હીલ ગાડી નંબર GJ-01-KX-9287 નવી લઇ, તે ગાડીનો કબ્જો નીમીલભાઇને નહી સોંપી તે ગાડી વિજયસિંહ પરમારે પોતાની પાસે રાખી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

**કાલુપુર** : ગીરાબેન ડો/ઓ રશીકલાલ (રહે.શાંતિનાથની પોળ, કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૦ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે ગીરાબેન તેઓની પોળમા રહેતા આરતીબેન શાહના ઘર પાસે હાજર હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ગીરાબેન પાસે આવી, તેમના હાથમા પહેરેલ સોનાની ચાર બંગળીઓ કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- ચમકાવી આપવાની લાલચ આપી, ગીરાબેનને વિશ્વાસમાં લઇ સોનાની ચારેય બંગળીઓ હળદરવાળા પાણીમા નાખવાનું જણાવી, નજર ચુકવી સોનાની બંગળીઓ લઇ જઇ ગીરાબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

**સરખેજ** : સતિષકુમાર દયારામ ગર્ગ (ઉ.વ.૫૬)(રહે.મોતીરામ રોડ, સાગરા, દિલ્હી)એ તા.૩૦/૧૦/૨૦૨૦ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૦/૨૦૨૦ સાંજના ૫/૦૦ થી તા.૨૯/૧૦/૨૦૨૦ રાતના ૮/૧૫ વાગ્યા દરમ્યાન દિલ્હી મુકામે તેમજ સરખેજ શાંતીપુરા સર્કલ નજીક સીમા હોટલ ખાતે આરોપી (૧)ઇમરાનખાન હારુનખાન પઠાણ (રહે, બીજો માળ, વિશ્વકર્મા-૫, લક્ષ્મીનગર, પૂર્વ દિલ્હી) (૨) સુરેશ નાનજી મોતા (રહે.ગામ-મસ્કા, તા-માંડવી, જિ-કચ્છ) (૩) રાહુલ (જેના પુરા નામા સરનામાની ખબર નથી) એ ભેગામળી સતિષકુમાર ને અગાઉથી નાની ચલણી નોટોના બદલામા મોટી ચલણી નોટો આપવાથી ૧૦% કમિશન આપવાની લાલચ આપી, સતિષકુમારના ઓળખીતા અશોકભાઇ તથા રાજકુમારને વિશ્વાસમાં લઇ, સતિષકુમાર પાસેથી ૮,૦૦,૦૦૦/-, અશોકભાઇ પાસેથી ૪,૦૦,૦૦૦/- અને રાજકુમાર પાસેથી ૪,૦૦,૦૦૦/- રૂપિયા મળી કુલ રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- લઇ નાસી જઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એન.પરમાર ચલાવે છે.

**કાગડાપીઠ** : રીટાબેન તે વિશાલભાઇ કિર્તિભાઇ પટેલની વિધવા પત્નિ (ઉ.વ.૪૬)(રહે.અસાવરી ટાવર સેટેલાઇટ) એ તા.૩૦/૧૦/૨૦૨૦ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૨/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ન્યુ કલોથ માર્કેટ “રાહીલ ટેક્ષટાઇલ” નામની કાપડની દુકાનમાંથી આરોપી (૧)રીકીનભાઇ જીતેન્દ્રભાઇ રાવલ (રહે.સુમેલ-૬ દુધેશ્વર રોડ શાહીબાગ) અને (૨)પંકજભાઇ રામનિવાસ અગ્રવાલ (રહે.સ્વાતી ફ્લોરેન્સ સોબો સેન્ટરની બાજુમા સાઉથ બોપલ) એ ભેગામળી રીટાબેનને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી હાથ ઉછીના આપેલા ૪૫,૦૦,૦૦૦/- પૈકી રૂપિયા ૧૮,૩૭,૬૬૭/- નો કાપડનો માલ આપી બાકી નીકળતા રૂપિયા ૨૬,૬૨,૩૩૩/- આજદિન સુધી નહિ આપી રીટાબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૭૪/૨૦૨૦**

**નરોડા** : દલપતસિંહ નાથુસિંહ ચાવડા (ઉ.વ.૬૨)(રહે.ગામ: પડોલી થાના: સાગવાડા તા.સાગવાડા જી.ડુંગરપુર રાજસ્થાન) એ તા.૩૦/૧૦/૨૦૨૦ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૦ ના ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન નરોડા દહેગામ સર્કલ થી નરોડા દહેગામ રોડ ખાતે આવેલ ગેલેક્ષી ૮૮ ફ્લેટ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષાનો ડ્રાઈવર તથા તેમાં બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી દલપતસિંહની નજર ચુકવી તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૧,૧૮,૦૦૦/- ની ચોરી કરી હતી. આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**પાણીના ટાંકામાં પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૮૭૫/૨૦૨૦**

**કૃષ્ણનગર** : નવા નરોડા ગોપાલચોક હીરાબાપાનગર રામાપીરના મંદીર ની બાજુમાં રહેતા શૈલેન્દ્રભાઇ ચૌધરી નાઓની પુત્રી સુહાના (ઉ.વ.૦૮) તા.૩૦/૧૦/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકામાંથી પાણી કાઢવા જતા ટાંકામાં પડી જતા તેનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૭૬/૨૦૨૦**

**સાબરમતી** : ડિમ્પલબેન વા/ઓ નીમેશભાઇ સોની (ઉ.વ.૩૮)(રહે.આર્કેડ ચેનપુર બસ સ્ટેન્ડ સામે ચેનપુર, ન્યુ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૦/૨૦૨૦ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના મેગા આર્કેડ ખાતે આવેલ ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમણજી રામાજી ચલાવે છે.

**રામોલ** : રચનાદેવી વા/ઓ પુનમચંદ રાઠી (ઉ.વ.૪૨)(રહે,સહજ રેસીડન્સી કર્ણાવતી ચાર રસ્તા પાસે, વસ્ત્રાલ) એ બીમારીથી કંટાળી તા.૨૯/૧૦/૨૦૨૦ ના કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે ફ્લેટના ચોથા માળે આવેલ પોતાના ઘરની બાલ્કનીમાંથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનુભાઇ વિરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી